# મનમોહનસિંહના સમર્થનમાં કોંગી નેતાઓની કુચ

## કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પાટનગરમાં માર્ચનું નેતૃત્વ કર્યું

નવી દિલ્હી,તા. ૧૨

ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ સામે કોલસા કોંભાડના સંબંધમાં આરોપી તરીકે સમન્સ જારી કરવામાં આવ્યા બાદ આજે કોંગ્રેસી નેતાઓએ તેમના સમર્થનમાં દેખાવો કર્યા હતા અને માર્ચ યોજીને સરકાર ઉપર દબાણ વધાર્યું હતું. કોંગ્રેસી નેતાઓ એક મત દેખાયા હતા. માર્ચનું નેતૃત્વ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કર્યું હતું. ત્યારબાદ મનમોહનસિંહના આવાસ ઉપર વરિષ્ઠ નેતાઓએ તેમની સાથે બેઠક પણ યોજી હતી. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસના નેતાઓએ ટ્રેન રોકી હતી. કાર્યકરોએ પૂર્વ વડાપ્રધાનને સમન્સ જારી કરવાના નિર્ણય સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. કોંગ્રેસના તમામ નેતાઓ આ મુદ્દે એકમત દેખાયા હતા. કોંગ્રેસના નેતા શશી થરુરે કહ્યું હતું કે, અમે તમામ તેમની સાથે છીએ. સમગ્ર કોંગ્રેસી લીડરશીપ મનમોહનસિંહને મળી હતી અને તેમને મજબૂત ટેકો આપ્યો હતો. પી ચિદમ્બરમે કહ્યું હતું કે, સમન્સને પરત ખેંચવામાં આવશે તેવી તેમને આશા છે. સીબીઆઈએ અગાઉ પણ કહ્યું છે કે, પૂર્વ વડાપ્રધાન સામે આરોપ ઘડવા માટે આધાર રહેલો છે. કોંગ્રેસના અન્ય નેતાઓએ પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી. મનમોહનસિંહ કરતા જાહેર જીવનમાં વધુ ઈમાનદાર વ્યક્તિ શોધી કાઢવાની બાબત ખુબ મુશ્કેલ છે તેમ અજય માંકને કહ્યું હતું. સોનિયા ગાંધીએ પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી. ગાંધીએ કહ્યું હતું કે, મનમોહનસિંહ માત્ર ભારતમાં જ નહીં બલ્કે દુનિયામાં જાણિતા રહ્યા છે. મનમોહનસિંહના આવાસ ઉપર કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, અન્ય વરિષ્ઠ નેતાઓ પહોંચ્યા હતા અને ત્રણ મોતીલાલ નહેરુ માર્ગ ખાતેના તેમના આવાસ ઉપર સિંહ સાથે બેઠક યોજી હતી. માર્ચ પૂર્ણ કરીને કોંગ્રેસી નેતાઓ સિંહના આવાસ પર પહોંચ્યા હતા. માર્ચમાં ચિદમ્બરમ, માંકન, દિગ્વિજયસિંહ, ગુલામ નબી આઝાદે ભાગ લીધો હતો. તેમની સાથે માર્ચમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ જોડાયા હતા. પાર્ટી



મનમોહનસિંહની સાથે મજબુતરીતે છે તેવો સંદેશો આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મનમોહનસિંહના આવાસ સુધી પાર્ટી ઓફિસથી માર્ચનુ આયોજન કરવામાં આવ્યું હતુ. પૂર્વ વડાપ્રધાનના આવાસની બહાર સોનિયા ગાંધીએ કહ્યુ ંહતું કે મનમોહનસિંગ સંપૂર્ણ નિર્દોષ છે. તેમની ઈમાનદારી પર શંકા કરી શકાય નહી. સમગ્ર કોંગ્રેસ પાર્ટી તેમની સાથે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ કહ્યુ ંહતુ ંકે સિંહની પારદર્શકતા, નિષ્પક્ષતા અને ઈમાનદારી સામે કોઈ પ્રશ્ન ઉઠાવી શકે નહી. અત્રે ઉલ્લેખનીય છે કે દેશને હચમચાવી મુકનાર કોલસા કોંભાડમાં સીબીઆઈની ખાસ અદાલતે ગઈકાલે મનમોહનસિંહને આરોપી તરીકે સમન્સ જારી કર્યું હતુ. જે સમય કોલસા કાંડની વિગત સપાટી પર આવી ત્યારે તત્કાલીન વડાપ્રધાન સિંહની પાસે જ કોલસા મંત્રાલયની જવાબદારી હતી. મનમોહનસિંહ ઉપરાંત ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, પૂર્વ કોલસા સચિવ પીસી પારેખ અને અન્ય ત્રણની સામે પણ આરોપી તરીકે સમન્સ જારી કરવામાં આવ્યા છે. કોર્ટે અપરાધિક કાવતરા, વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચાર અટકાયત કાયદાની જોગવાઈ હેઠળ છ લોકોની સામે સમન્સ જારી કર્યા છે. કોર્ટે મામલામાં આરોપી તરીકે મેસર્સ હિંડાલ્કો, તેના અધિકારીઓ શુભેન્દુ અમિતાભ અને ડી. ભટ્ટાચાર્યની સામે પણ સમન્સ જારી કર્યા છે. વર્ષ ૨૦૦૫માં જ્યારે બિડલાની કંપની હિંડાલ્કોને ઓરિસ્સાના તાલાબીર-૨ અને ત્રણમા કોલસા બ્લોક ફાળવવામાં આવ્યા હતા ત્યારે કોલસા પ્રધાન તરીકે મનમોહનસિંહ જ હતા. ડિસેમ્બર મહિનામાં સીબીઆઈની ખાસ અદાલતે આ મામલામાં તપાસ સંસ્થાના ક્લોઝર રિપોર્ટને ફગાવી દેતા ચર્ચા શરૂ થઈ હતી. કોર્ટે તપાસ પર ભાર મુકીને તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહના નિવેદન નોંધવા પર ભાર મુક્યો હતો. અગાઉ પણ અનેક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. સિંહ સામે સમન્સ જારી થતા હવે તેમની મુશ્કેલી વધી શકે છે.

# સુનંદા હત્યા પ્રકરણ : પાકિસ્તાની પત્રકાર મેહરની ટુંકમાં પુછપરછ

નવી દિલ્હી,તા. ૧૨

સનસનાટીપૂર્ણ સુનંદા પુષ્કર હત્યા કેસના સંબંધમાં પૂર્વ કેન્દ્રિય મંત્રી શશી થરુર અને અન્યોની પુછપરછ કરવામાં આવ્યા બાદ દિલ્હી પોલીસ હવે પાકિસ્તાની પત્રકાર મહેર તરારની પુછપરછ કરવાની યોજના ધરાવે છે. મહેર તરાર સાથે કોંગ્રેસના સાંસદ શશી થરુરના સંબંધો હતા જેના કારણે સુનંદા ખુબ જ અપસેટ હોવાની વિગત સપાટી ઉપર આવી ચુકી છે. દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સી પણ કહી ચુક્યા છે કે, તરારની જરૂર પડશે તો પુછપરછ કરાશે. બીજી બાજુ એક અગ્રણી ટીવી ચેનલની વાતચીતમાં તરારે કહ્યું છે કે, આ કેસમાં તે દિલ્હી પોલીસ સાથે સંપૂર્ણપણે સહકાર કરશે. માઈક્રો બ્લોગિંગ વેબસાઈટ ટ્વિટર ઉપર શ્રેણીબદ્ધ ઘટનાક્રમોનો દોર શરૂ થઈ ગયો છે. અગાઉની પુછપરછ દરમિયાન શશી થરુરને તરાર સાથે તેના સંબંધો અંગે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. દરમિયાન ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી પણ કહી ચુક્યા છે કે, તરારની પુછપરછ થવી જોઈએ. શશી થરુર અને સુનંદા વચ્ચે બોલાચાલી માટે તરાર મુખ્ય કારણરુપ હતી. શશી થરુરની ગયા મહિને કોચી ટસ્કર્સની માલિકીના મુદ્દે પુછપરછ કરવામાં આવી હતી.







આમા સુનંદા પુષ્કરની પણ ભૂમિકા હતી. સમગ્ર મામલામાં શશી થરુર ઉપરાંત અન્ય પાંચ લોકોની પુછપરછ કરવામાં આવી ચુકી છે જેમાં થરુરના નોકર નારાયણસિંહ, ડ્રાયવર બજરંગીને પણ દક્ષિણ દિલ્હીના વસંત વિહારમાં પુછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. આ વર્ષે જાન્યુઆરી મહિનામાં વણઓળખાયેલા લોકો સામે હત્યાના કેસની નોંધણી કરાયા બાદ સીટની રચના કરાઈ હતી. આ કેસમાં સીટ દ્વારા હજુ સુધી ૧૫ લોકોની પુછપરછ કરવામાં આવી ચુકી છે જેમાં થરુર, તેમના સ્ટાફના સભ્યો, નજીકના મિત્રો, લીલા પેલેસ હોટલના સ્ટાફ સભ્યોનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯મી જાન્યુઆરીના દિવસે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરૂરની સુનંદા પુષ્કર હત્યા કેસના સંબંધમાં પુછપરછ કરવામાં આવી હતી. આ કેસમાં તેમને સીઆરપીસીની કલમ - ૧૬૦ હેઠળ નોટીસ ફટકારી ચુકી છે. સુનંદા પુષ્કર હત્યા કેસના સંબંધમાં તપાસમાં મદદરૂપ થવા શશી થરૂરને કહેવામાં આવ્યું હતું. સુનંદા પુષ્કરે ઓગસ્ટ ૨૦૧૦માં શશી થરૂર સાથે લગ્ન કર્યા હતા. ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે સુનંદા પુષ્કર તેના મોતના એક દિવસ પહેલાં ચાણક્યપુરીમાં આવેલી લીલા હોટલમાં રોકાઈ હતી. ત્યારબાદ તેનો મૃતદેહ રહસ્યમય સંજોગોમાં મળી આવ્યો હતો. તેના મોત પહેલા સુનંદાની પાકિસ્તાન સ્થિત પત્રકાર મેહર તરાર સાથે માઈક્રોબ્લોગીંગ સાઈટ પર જોરદાર બોલાચાલી થઈ હતી. જેમાં મેહર ઉપર તેના પતિની સાથે સંબંધ સ્થાપિત કરવાનો તેના પર આક્ષેપ કરાયો હતો. શશી થરૂર હાલ કાયદાકીય ગુંચનો સામનો કરી રહ્યા છે. શશી થરૂરની હિલચાલ ઉપર દિલ્હી પોલીસ સતત નજર રાખી રહી છે. સુનંદાની પાકિસ્તાની પત્રકાર મેહર સાથે અનેક વખત બોલાચાલી અગાઉ પણ થઈ હોવાના અહેવાલ મળી ચુક્યા છે. સુનંદા ટોચની બિઝનેસ વુમન તરીકે હતી. જુદા-જુદા બિઝનેસમાં પણ તે જોડાયેલી હતી.

## નિર્ભયા રેપ અંગે ફિલ્મ ઉપર પ્રતિબંધને ઉઠાવવાનો ઈન્કાર

નવીદિલ્હી ,તા. ૧૨

નિર્ભયા અંગે બીસીસી દસ્તાવેજી ફિલ્મ ઉપર લાદવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લેવાના દિલ્હી હાઈકોર્ટે આજે સાફ ઈન્કાર કર્યો હતો. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે બનેલી આ ઘટના ઉપર ઈન્ડિયાસ ડોટર નામની દસ્તાવેજી ફિલ્મ બનાવાઈ હતી. જેના પ્રસારણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ તેને ઉઠાવી લેવાનો હાઈકોર્ટે ઈન્કાર કર્યો છે. ડિવિઝન બેંચે મામલામાં સુનાવણી હાલપુરતી મોકૂફ કરી દીધી છે. બેંચે કોઈપણ વચગાળાનો આદેશ આપવાનો પણ ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે, દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસની બેંચ સમક્ષ આ મામલો સુનાવણી માટે આવ્યા બાદ તે અંગે નિર્ણય લેવાશે. સુનાવણી દરમિયાન બેંચે કહ્યું હતું કે, દસ્તાવેજી ફિલ્મના પ્રસારણને લઈને કોઈ સમસ્યા નથી પરંતુ આ કેસ સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ રહેલો છે. આ કેસમાં અપરાધીઓને મૃત્યુદંડની સજા કરવામાં આવી છે. પ્રાથમિકરીતે દસ્તાવેજી ફિલ્મના પ્રસારણને લઈને કોઈ અડચણ નથી પરંતુ મામલો સુપ્રીમ કોર્ટમાં છે જેથી પહેલા સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ણય કરવામાં આવે તે જરૂરી છે. તેના આદેશમાં બેંચે મામલાની સુનાવણી ૧૮મી માર્ચ સુધી મોકૂફ કરી દીધી હતી.

## મોદી મન કી બાતમાં ખેડૂત સાથે વાતચીત કરવા તૈયાર

નવી દિલ્હી, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨મી માર્ચના દિવસે તેમના લોકપ્રિય કાર્યક્રમ મન કી બાતમાં આ વખતે ખેડૂતો સાથે વાતચીત કરનાર છે. રેડિયો કાર્યક્રમમાં ખેડૂતોની મનની વાતની સાથે સાથે જમીન અધિગ્રહણ બિલને લઈને ઘણી ગુંચવણ દૂર કરે તેવી સંભાવના છે. મોદી તેમની સાથે વાતચીત કરીને તેમની સમસ્યાને દૂર કરવાના પ્રયાસ કરી શકે છે. વડાપ્રધાન મોદીએ ટ્વિટર ઉપર જણાવ્યું છે કે, ૨૨મી માર્ચના દિવસે તેઓ તેમના ખેડૂત ભાઈઓ અને બહેનો સાથે વાત કરશે. અન્ય ટ્વિટમાં મોદીએ કહ્યું છે કે, તેઓ તેમના ખેડૂત મિત્રો પાસેથી પણ મહત્વની બાબત જાણવા પ્રયાસ કરશે. તેમને તેમના મિત્રો પત્રો લખે તેવી તેમની ઈચ્છા છે. આના માટેનું સરનામુ એર, આકાશવાણી ભવન, સંસદીય માર્ગ, નવી દિલ્હી-૧૧૦૦૦૧ હોવાનું મોદીએ કહ્યું છે કે, મન કી બાત કાર્યક્રમની શરૂઆત ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં કરવામાં આવી હતી. મોદી આ કાર્યક્રમમાં જુદા જુદા વિષય ઉપર વાત કરી ચુક્યા છે જેમાં સ્વચ્છ ભારત અભિયાન. દેશમાં માદક દ્રવ્યોના કેસોમાં વધારો, કાળા નાણા, બોર્ડની પરીક્ષાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બાળકીઓના શિક્ષણ જેવા મહત્વના મુદ્દાઓ ઉપર પણ વાત કરી ચુક્યા છે. હવે મોદી ખેડૂતો સાથે મન કી બાત કાર્યક્રમમાં તેમની રજૂઆત સાંભળશે સાથે સાથે મહત્વપૂર્ણ સૂચનો કરે તેવી શક્યતા છે. મન કી બાત કાર્યક્રમને લઈને હંમેશા ઉત્સુકતા રહે છે. મોદીના આ કાર્યક્રમને ભારે લોકપ્રિયતા પણ મળી છે. દર રવિવારે મોટી સંખ્યામા લોકો આ કાર્યક્રમને સાંભળે છે. ખેડૂતો સાથેની વાતચીતમાં કયા મુદ્દા ઉઠે છે તે બાબત મહત્વની છે.

## જમીન બિલને લઈને હજુ શિવસેનામાં રોષનું મોજુ

નવીદિલ્હી,તા. ૧૨

જમીન અધિગ્રહણ બિલના મુદ્દે મોદી સરકારથી શિવસેના હજુ પણ નાખુશ દેખાઈ રહી છે. સાથી પક્ષ ભાજપ સામે આકરા પ્રહારો જારી રાખીને શિવસેનાએ આજે કહ્યું હતું કે, લોકસભામાં ખેડૂત વિરોધી જમીન અધિગ્રહણ બિલ માટે વોટિંગ વેળા દૂર રહેવાનો નિર્ણય યોગ્ય રીતે લેવાયો હતો. ખેડૂતો વધુ તકલીફમાં મુકાય તેમ અમે ઈચ્છતા ન હતા. તેમની મંજુરી વગર તેમની જમીન આચકી લેવામાં આવે તેમ અમે ઈચ્છતા ન હતા. શિવસેનાના વરિષ્ઠ નેતાઓ બિલ પર મતદાન વેળા દૂર રહ્યા હતા. શિવસેનાના મુખપત્ર સામનામાં જણાવવામાં આવ્યું છે કે, લોકસભામાં બિલને પસાર કરવા માટે ભાજપે ખુબ મહેનત કરી હતી. બિલને ટેકો નહીં આપવાના અમારા વચન ઉપર અમે મક્કમ રહેવા પ્રયાસ કરીશું. સરકારના ખેડૂત વિરોધી જમીન અધિગ્રહણ બિલથી કોઈને પણ ફાયદો થશે નહીં. અમે મહારાષ્ટ્રમાં અને કેન્દ્રમાં સરકારની સાથે છીએ પરંતુ અમે ખેડૂતોના હિતમાં પણ કામ કરવા કટિબદ્ધ છીએ.

## આરસીએ ઓફિસને સીલ કરવાનો આદેશ

નવીદિલ્હી,તા. ૧૨

આઈપીએલના ભૂતપૂર્વ વડા લલિત મોદીને આજે રાહત મળી હતી. કારણ કે, રાજસ્થાન હાઈકોર્ટે રાજસ્થાન ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીમાં ખામીઓને સ્વીકારી લીધી હતી સાથે સાથે આરસીએની ઓફિસને સીલ કરી દેવાનો આદેશ કર્યો છે. મોદીને આરસીએ પ્રમુખ તરીકે દૂર કરવામાં આવ્યા હતા. ૯મી માર્ચના દિવસે બોલાવવામાં આવેલી એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ બોર્ડની મિટિંગમાં હરિફ ગ્રુપ અમિન પઠાણ ગ્રુપના હોદ્દેદારો દ્વારા તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવ્યા બાદ લલિત મોદીને આરસીએ પ્રમુખ તરીકે દૂર કરવામાં આવ્યા હતા. આ બેઠકનું નેતૃત્વ સ્પોર્ટ્સ કાઉન્સિલના ચેરમેન જેસી મહંતિએ કર્યું હતું. જેમાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી. મોદી જૂથે આક્ષેપ કર્યો હતો કે, તેમના મતદારોને જે વાહનોમાં લાવવામાં આવ્યા હતા તે વાહનોમાં તોડફોડ કરાઈ હતી. ઘણા જિલ્લા અધિકારીઓને ઈજાઓ થઈ હતી. બેઠકમાં હાજરી આપવાની તક પણ અપાઈ ન હતી.

# ભારત માટે વીઝા નિયમો સરળ કરવા ચીન ઈચ્છુક

નવી દિલ્હી,તા. ૧૨

ભારતીય લોકોને ચીન ટુંક સમયમાં વીઝા ઓન એરાઈવલની સુવિધા આપી શકે છે. આનો મતલબ એ થયો કે ભારતીય લોકો બેજિંગ અને શંઘાઈ પહોંચી ગયા બાદ પણ વીઝા હાંસલ કરી શકશે. સિંગાપોર, બ્રુનેઈ અને જાપાનના લોકોને ચીન દ્વારા આ સુવિધા પહેલાથી જ આપેલી છે. ભારત હવે આ યાદીમા સામેલ થવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મે મહિનાના અંતમાં બેજિંગ પ્રવાસે જનાર છે. જેથી આ ગાળા દરમિયાન કોઈ મોટા ઐતીહાસિક નિર્ણયની જાહેરાત કરવામાં આવી શકે છે. જો કે તેને સરળ કરવા માટે ભારતને કેટલીક અડચણોને દુર કરવાની જરૂર પડશે. દાખલા તરીકે પહેલા કોણ આ સુવિધા આપશે તે બાબત ઉપયોગી રહેશે. બેજિંગમાં વર્તમાન ભારતીય દુતાવાસ દ્વારા ચીની પ્રવાસી માટે વીઝા ઓન એરાઈવલની તરફેણ કરી છે. સાથે સાથે સિક્યુરિટી સંબંધિત નિયંત્રણોને હળવા કરવાની માંગ કરી છે. ચીનમાંથી વધુને વધુ રોકાણ માટેનો માર્ગ મોકળો કરી શકાય તે હેતુ રહેલો છે. હાલમાં ભારત અને ચીન વચ્ચે સરહદી વિવાદ રહ્યો છે. બન્ને દેશો દુનિયાના જુદા જુદા હિસ્સામાં સંશાધનો અને અસરમાટે એકબીજા સાથે જોરદાર સ્પર્ધા કરી રહ્યા છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી આ અંગે વીઝા ઓન એરાઈવલની મર્યાદાને ૪૩ દેશોથી વધારીને ૧૫૦ દેશો સુધી કરવાની યોજના છે. આ કામ કેટલાક તબક્કામાં કરવામાં આવનાર છે. રાજદ્વારી સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે જો ચીનને પ્રથમ બે મહિનામાં આ સુવિધા હેઠળ પ્રથમ તબક્કામાં સામેલ કરવામાં આવે છે તો ચીન પણ હકારાત્મક પ્રતિસાદ આપી શકે છે. મોદીની ચીનની ઐતિહાસિક યાત્રા પહેલા ચીન પણ મોટુ પગલુ લઈ શકે છે. ચીની પ્રમુખ શી જિંનપિંગ ભારતની ઐતિહાસિક યાત્રા કરી ચુક્યા છે.

# મસરતની પ્રવૃત્તિ પર કેન્દ્રની બાજ નજર : રાજનાથની ખાતરી

નવી દિલ્હી,તા. ૧૨

કટ્ટરપંથી નેતા મસરત આલમની મુક્તિને લઈને ચાલી રહેલા વિવાદનો અંત લાવવાના પ્રયાસરુપે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, મસરત આલમની પ્રવૃત્તિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. જમ્મુ કાશ્મીરની સરકાર આ અલગતાવાદી લીડર અને તેના સમર્થકોની ગતિવિધિ ઉપર નજર રાખી રહી છે. મોદી સરકારના કઠોર વલણને જોતા લાગી રહ્યું છે કે, મસરતની ફરી ધરપકડ કરવામાં આવી શકે છે. સંસદમાં નિવેદન કરતા સિંહે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર સરકારે કેન્દ્રને કહ્યું છે કે, તેની પ્રવૃત્તિ બાજનજર હેઠળ છે. જો કોઈપણ પ્રતિકુળ બાબત સપાટી ઉપર આવશે તો પગલા લેવામાં આવશે. સિંહે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને કઠોર શબ્દોમા ંકહી દીધું છે કે,



મસરત સામે રહેલા તમામ ૨૭ કેસો ઉપર નજર રાખવામાં આવે અને તેમાં કાર્યવાહી કરવામાં આવે. તેને જામીન આપવાના આદેશને પડકાર ફેંકીને પગલા લેવામાં આવે તે જરૂરી છે.

લોકસભા અને રાજ્યસભામાં સિંહે આ નિવેદન કર્યું હતું. ભાજપ અને પીડીપી વચ્ચેના સંબંધો મસરતની મુક્તિના કારણે તંગ બની ગયા છે. રાજ્ય સરકારે ખાતરી આપી છે કે, યોગ્ય વ્યવસ્થા અપનાવવામાં આવી રહી છે. તેની પ્રવૃત્તિ ઉપર નજર છે. ઈન્ટેલીજન્સ સંસ્થાઓ અને સ્થાનિક પોલીસ સાથે મળીને કામ કરી રહી છે. રાજનાથે એમ પણ કહ્યું હતું કે, ગૃહમંત્રાલય દ્વારા જમ્મુ કાશ્મીર સરકારને ચેતવણી આપવામાં આવી છે. રાજનાથસિંહ કહી ચુક્યા છે કે, રાજ્ય સરકારને કહેવામાં આવ્યું છે કે, મસરત સામે તમામ ૨૭ કેસો રહેલા છે. કાયદા મુજબ પગલા લેવા જોઈએ. આવા કેસોમાં તેને મળેલી જામીનના સંદર્ભમાં પણ કોર્ટમાં પડકાર ફેંકવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે અગાઉ ખાતરી આપી હતી કે, એનડીએ સરકારની પ્રાથમિકતા રાષ્ટ્રીય સુરક્ષાની છે. રાજ્ય સરકાર સાથે સંબંધિત વધારે મહત્વપૂર્ણ નથી. રાજનાથે કહ્યું હતું કે, સોમવારના દિવસે પણ તેઓ બંને ગૃહમાં નિવેદન કરી ચુક્યા છે. રાજ્ય પાસેથી કેન્દ્ર સરકારને હવે વધુ માહિતી મળી ચુકી છે. રાજ્ય સરકારે પણ હવે પગલા લીધા છે. તેમણે માહિતી આપતા કહ્યું હતું કે, ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલા અટકાયતી આદેશ જમ્મુ કાશ્મીર ગૃહ વિભાગને મળ્યા હતા. રાજ્ય સરકારે માહિતી આપી છે કે, ૨૭ ફોજદારી કેસો પેન્ડિંગ રહેલા છે. ફેબ્રુઆરી ૨૦૧૦ બાદથી આઠ કેસો તેની સામે નોંધાઈ ચુકયા છે. આવા અટકાયતી આદેશો ફરી જારી થઈ શકે છે.

## ૭ કલાકની ઊંઘ હાઈસ્કૂલના વિદ્યાર્થી માટે આદર્શ : હેવાલ

નવી દિલ્હી, તા.૧૨

સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેટલા કલાકની ઉંઘ આદર્શ છે તેવા પ્રશ્નને લઈને હેરાન રહેતા વાલીઓ માટે સારા સમાચાર છે. કારણ કે અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે વિદ્યાર્થીઓ સાત કલાકની ઊંઘ માણી રહ્યા છે તે વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ યોગ્ય પરિણામ મેળવી રહ્યા છે. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને સાત કલાકની ઊંઘ સારા પરિણામમાં મદદરૂપ થાય છે. ફેડરલ માર્ગદર્શિકામાં વિદ્યાર્થીઓને નવ કલાક ઊંઘવાની ભલામણ કરવામાં આવી છે પરંતુ આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સાત કલાકની ઊંઘ વિદ્યાર્થીઓને સારા પરિણામ મેળવવામાં મદદરૂપ બને છે. અભ્યાસમાં સામેલ અધિકારી ઈરીક આઈડે કહ્યું છે કે અમે ઓછી ઊંઘ અંગે વાત કરી રહ્યા નથી પરંતુ ડેટા જણાવે છે કે સાત કલાકની ઊંઘ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે આદર્શ છે. સાત કલાકની ઊંઘ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને પરીક્ષામાં સારા પરિણામમાં મદદરૂપ બની શકે છે. આઈડ અને બ્રિગહામ યગ યુનિવર્સિટીના ઈકોનોમીક પ્રોફેશર માર્ક સોવાલટર દ્વારા કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે પરીક્ષાના ગાળામાં પણ આટલી ઊંઘ પુરતી રહે છે. આરોગ્ય અને શિક્ષણ ઉપર તેની અસરની ચર્ચા પણ કરવામાં આવી હતી. આશ્ચર્યજનક રીતે વર્તમાન ફેડરલ માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું હતું કે જ્યાં સુધી ઊંઘથી સંતુષ્ટ ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓએ ઊંઘ લેવી જોઈએ. અભ્યાસ બાદ જારી કરવામાં આવેલા નવા તારણથી તમામને આશ્ચર્ય થયું હતું. ૧૭૨૪ પ્રાઈમરી અને સેકેન્ડરી વિદ્યાર્થીઓના સેમ્પલ લીધા બાદ આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં જણાવવામાં આવ્યું છે કે ઊંઘની મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે. ઊંઘની પરીક્ષામાં સ્કોર ઉપર અસરના કદ અંગે વાત કરવામાં આવી નથી.

## સમાચાર ઝલક

- આજે વિશ્વ કિડની દિવસ મનાવાયો. વિશ્વની ૭ સૌથી વધુ બોલતી ભાષા સહિત ૧૮ ભાષામાં કિડી વેબ સાઈટ રજુ કરાઈ.
- કમોસમી વરસાદથી કેસર કેરી મોડી આવે તેવા અણસાર.
- જુનાગઢમાં બિલ્ડરોના ત્યાં આવકવેરાનું સર્વે.
- વલસાડમાં લગ્નના બીજા દિવસે યુવતીએ માંગ્યા છુટાછેડા.
- ગુજરાતમાં કૃષિ ઉત્પાદનનું આભાસી ચિત્ર ધુંધળું બની રહ્યું છે.
- ગુજરાતમાં નિલગાયથી પાકોને થતા નુકશાન સામે વળતર મળશે.
- અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં સફાઈ કામદારોને વેતન ન મળતા હડતાલ પર ગયા.
- ટુ વ્હીલરનો ૩ વર્ષનો વીમો મળશે. પ્રિમિયમમાં રાહત મળશે.
- ફિલ્મ અભિનેતા આમીરખાન પત્નીના માન ખાતર શાકાહારી બન્યા.
- અલ્હાબાદમાં પોલીસ ગોળીબારથી વકીલનું મોત હિંસા ભભૂકી.
- મુંબઈના શ્રીમંત ભિખારી મહિને રૂ. ૭૫૦૦૦ આરામથી મેળવે છે. ૮૦ લાખનો ફ્લેટ ને દુકાન ધરાવે છે.
- શાળાએ વાહનો લઈ જતા સગીર વિદ્યાર્થીઓ પોલીસ માટે શિરોવેદના.
- બાળક એ ઈશ્વરનું ભાષાંતર છે : પ.પૂ. મોરારીબાપુ